AYURVEDIC EYE RELIEF DROPS
Available at all lea

# 3 વર્ષના બાળકના અવયવદાનથી બે વ્યક્તિઓને નવ જીવન મળ્યું

Bબ્રેનડેડ જાહેર કરાયેલા 2.9 વર્ષના બાળકના અવયવદાન માટે પરિવારે મોટો નિર્ણય લેતાં બે જણના જીવન બચાવી શકાયા છે. તેના લિવરથી એકને જીવનદાન મળ્યું છે, જ્યારે કોર્નિયાથી અન્યને દ્રષ્ટિ મળી છે. લીલાવતી હોસ્પિટલમાં અવયવદાન પ્રક્રિયા પાર પડાઈ. એડવાન્સ્ડ કિડનીના રોગથી પીડાતા બાળકના મગજને અફર હાનિ પહોંચી હતી, જે પછી પરિવારે અવયવદાનનો નિઃસ્વાર્થી નિર્ણય લીધો હતો. હોસ્પિટલના સીઓઓ અને કન્સલ્ટન્ટ કાર્ડિયોવેસ્ક્યુલર સર્જન ડો. વી રવિશંકરે જણાવ્યું કે બાળક અવયવના પ્રાપ્તિકર્તા થકી જીવવાનું ચાલુ રાખશે તે એક મોટી વાત છે. ઝોનલ ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડિનેશન કમિટીના પ્રેસિડેન્ટ ડો. એસ કે માથુરે જણાવ્યું કે બાળકના પરિવારના નિર્ણયથી અવયવદાનના મહત્ત્વનો શક્તિશાળી સંદેશ પહોંચશે.